# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-01-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સોમનાથ સ્વાભિમાન પર્વ

**પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન પહેલા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતો સોમનાથ દાદાના દર્શનાર્થે પહોંચ્યા છે.**

**સોમનાથના શંખચોકથી મંદિર સુધીની પદયાત્રામાં શિવજીના પ્રિય વાદ્ય ડમરુંના નાદનો મધુર ધ્વનિ ગૂંજતો થયો છે. પદયાત્રામાં પરંપરાગત વાદ્ય સાથેના એક સમૂહ અને શિવ ભક્તિમય સંગીતથી સોમનાથમાં ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો છે.**

**---------------------------------------------------------------------------------------**

## કરૂણા અભિયાન

**રાજ્યભરમાં આવતીકાલથી કરૂણા અભિયાનનો પ્રારંભ થશે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે કહ્યું, ઉત્તરાયણના પર્વમાં ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓની સારવાર માટે આગામી 20 જાન્યુઆરી સુધી આ અભિયાન ચલાવાશે. દરમિયાન રાજ્યભરમાં કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર, 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ રહેશે.**

**ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે લોકો હેલ્પલાઈન નંબર 1962 ડાયલ કરી શકશે. જ્યારે પક્ષી સારવાર કેન્દ્રની વિગત વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર 83200-02000 પર ફોન કરી મેળવી શકશે. શ્રી મોઢવાડિયાએ ખોરાક માટે વિચરતા પક્ષીઓને ધ્યાનમાં રાખી લોકોને સવારે અને સાંજે પતંગ ન ચગાવવા પણ અપીલ કરી છે.**

---

## ધોળાવીરામાં પતંગ મહોત્સવ

ગુજરાત પ્રવાસન નિગમ અને કચ્છ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે વિશ્વ ધરોહર ધોળાવીરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ થનારા આ મહોત્સવમાં **18** દેશોના **45** અને ભારતના **7** રાજ્યોના **23** પતંગબાજો પોતાની કલાનું પ્રદર્શન કરશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, સાંસદ વિનોદભાઈ ચાવડા અને જિલ્લાના તમામ ધારાસભ્યો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. વિદેશી મહેમાનોનું સ્વાગત કચ્છી સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કરવામાં આવશે.

---

## ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને જાહેરનામું

આગામી ઉત્તરાયણ પર્વ દરમિયાન વીજ અકસ્માતો અને જાનહાનિ રોકવા માટે કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે. સમગ્ર જિલ્લામાં મેટાલિક આધારિત દોરી અને ઓડિયો મેગ્નેટિક ટેપના વેચાણ તથા ઉપયોગ પર ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આ દોરીઓથી શોર્ટ સર્કિટ થવાની અને પશુ-પક્ષીઓ કે માનવીઓ માટે જીવલેણ જોખમ ઊભું થવાની શક્યતા રહેલી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ આ જાહેરનામું બહાર પડાયું છે. જો કોઈ આ હુકમનો ભંગ કરશે, તો તેની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

---

## ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા કેમ્પ

માંડવી તાલુકાના ભોજાય ખાતે સર્વોદય ટ્રસ્ટ દ્વારા આયોજિત **35**મા નવનીત મેગા મેડિકલ કેમ્પનું સફળતાપૂર્વક સમાપન થયું. **45** દિવસ ચાલેલા આ કેમ્પમાં **400** ગામોના **4,000**થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી વિવિધ વિભાગોના કુલ **521** સફળ ઓપરેશન કરાયા હતા. આ કેમ્પમાં દેશભરના નિષ્ણાત તબીબોએ આંખ, સ્ત્રીરોગ, હાડકાં અને જનરલ સર્જરી જેવી સેવાઓ વિનામૂલ્યે આપી હતી. નવનીત પરિવાર (કેન્યા) ના આર્થિક સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં ટ્રસ્ટના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. આગામી **36**મા કેમ્પ માટે પણ દાતા પરિવાર દ્વારા સહયોગની જાહેરાત કરવામાં આવી છે.

**------------------------------------------------------------------------------------------**

## <u>હવામાન</u>

જિલ્લામાં શિયાળાએ હવે તેનો અસલી પ્રભાવ બતાવવાનું શરૂ કર્યું છે.  આજે નલિયામાં લઘુત્તમ તાપમાન **4.8** ડિગ્રી સેલ્સિયસ નોંધાતા ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ થયો હતો. ચાલુ શિયાળું સિઝનનુ આ અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન છે જેના કારણે સમગ્ર પંથકમાં કાતિલ ઠંડી લોકો અનુભવી રહ્યા છે. છેલ્લા એક સપતાહથી નલિયાનો પારો સતત એકલ અંકમાં રહેતા રાત્રિના સમયે રસ્તાઓ પર કુદરતી સંચારબંદી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. નલિયા ઉપરાંત જિલ્લાના અન્ય શહેરોમાં પણ ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ભુજમાં લઘુત્તમ તાપમાન **11.2** ડિગ્રી અને કંડલામાં **11.9** ડિગ્ર સેલ્સિયસ નોંધાયું છે.

**------------------------------------------------------------------------------------------**

## <u>રસ્તાના કોમનું મજબુતીકરણ</u>

નેશનલ હાઈવે ઓથોરિટી ગાંધીધામ દ્વારા કચ્છના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોના મજબૂતીકરણની કામગીરી હાથ ધરાઈ છે. સપ્ટેમ્બર-**2025**ના ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા ચિત્રોડ-રાપર-બાલાસર રોડનું સમારકામ પૂર્ણ કરાયું છે. આ ઉપરાંત, વિશ્વપ્રસિદ્ધ 'રોડ ટુ હેવન' (કાઢવાંઢ-ધોળાવીરા) માર્ગનું ગુણવત્તાયુક્ત રિસર્ફેસિંગ શરૂ કરાયું છે, જેનાથી રણોત્સવ અને ધોળાવીરા આવતા પ્રવાસીઓની મુસાફરી સુગમ બનશે.

---

## એકાઉન્ટન્સી મ્યુઝિયમ

ભુજની જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ ખાતે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ બાલાબેન ઠક્કરના નેતૃત્વમાં ICAIની પશ્ચિમ ભારત પ્રાદેશિક પરિષદ ના સભ્યો દ્વારા 'અકાઉન્ટન્સી મ્યુઝિયમ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ મ્યુઝિયમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને એકાઉન્ટન્સીનો ઇતિહાસ, સિદ્ધાંતો અને આધુનિક પદ્ધતિઓથી માહિતગાર કરવાનો છે.

---